મંદિરોમાં છે. ધનજીશાહની પોળના સપ્તઋષિના મંદિરમાં આવી એક યુગલ મૂર્તિ છે. તેના ઉપર લેખ નથી. ધ્રુવની પોળમાંના શિવાલયમાં યુગલ પ્રતિભા છે. તેના ઉપર સંસ્કૃતમાં '૧૩૫૩ वर्षे द्वितीय फागण वदी ६ खेउ स्तंभतीर्थ' લેખ છે. વળી ૧૯૬૯માં પાણિયારી દરવાજે પાણીની

મૂર્તિઓ કરાવનારનાં પ્રતીકો જૈન મંદિરોમાં:

હિન્દુ ધર્મ તથા જૈન ધર્મમાં મૂર્તિઓ કરાવનાર પોતાનાં સગાંવહાલાંની મૂર્તિઓ બેસાડી છે, માણેકચોકના ચિંતામણી પાર્શ્વનાથના દહેરામાં વિ. સં. ૧૨૮૦ના વૈશાખ સુદ ૧૫ને શનિવારના



પ્રાચીન શિલ્પવંશના–ગુપ્તેશ્વર મહાદેવ, માદળાના તળાવ ઉપર, ખંભાત

ટાંકી પાસે પધરાવેલા શિવાલયમાં મળી આવેલી બે જોડી યુગલ પ્રતિમાઓ મૂકવામાં આવી છે; બોરિયાપાડે ચામુંડા માતામાં એક યુગલ પ્રતિમા છે. આમ અનેક પ્રતિમાઓ મળે છે; આ સ્પષ્ટ છે કે દહેરું બંધાવનાર; અથવા મૂર્તિ પધરાવનાર, ભક્તિભાવ દર્શાવતી પોતાની પ્રતિમાઓ મૂકતા.

એક પથ્થરમાં ૧૭૦ સિઓ ભરાવેલામાં છે. તેની એક બાજુએ એક પથ્થરમાં શ્રી યશોધર અને બીજી બાજુ યશોદેવીની પ્રતિમાઓ કોતરેલી છે. તથા સંવત ૧૩૭૬ની બીજી બે મૂર્તિઓ સ્ત્રી-પુરુષની કોતરેલી છે. તથા ભોંયરામાં બીજી મૂર્તિઓ છે. આ બધી મૂર્તિઓ બે હાથ જોડી ઊભેલી